# શ્રી ભગવાન મહાવીરસ્વામી નું શાસન

# સુપાત્ર કે અસદ્ગુરૂ ?

આપણે અસદ્ગુરુની આગળના લેખાંકોમાં વિચારણા કરી. વિશેષ વિચારણા હવે કરીએ. ગૃહસ્થ અવસ્થામાં અસદ્ગુરૂઓ બહુજ અલ્પ પ્રમાણમાં હોય અને જે હોય એવા અસદ્ગુરૂના લક્ષણોની વિચારણા કરીએ. આવા અસદ્ગુરૂઓ સુપાત્રોને યોગ્ય હોય છે અને સુપાત્રપણું પણ ઘણા ઘણા ભવોના પુરુષાર્થને કારણે પ્રાપ્ત થાય છે. અને એવા જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશવાની ભુમિકા સુધી પહોંચે છે. (ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરવા સુધીની તૈયારીમાં). સંસારભાવ ઘણો શાંત થયેલો હોય છે, ઉદાસીન વૃત્તિ પ્રાપ્ત થયેલી હોય છે અને ઘણા અંશે દયાદ્રષ્ટિ (કરૂણા દ્રષ્ટિ નહીં) આવેલી હોય છે. અને ભ્રાંતિસ્વરૂપે સદ્ગુરૂ (અસદ્ગુરૂપણું) પ્રાપ્ત થયું એવું માનવા મંડે છે અને આવેલા બાળજીવોમાં સમકિત પમાડ્યાની ભ્રાંતિ સર્જે છે અને તમે પામ્યા અને બીજાને પમાડો એવા પ્રકારનો બાળજીવો પાસે આગ્રહ કરે છે (ટોળા ભેગા કરવાનો મોહ હોવાથી) અને પોતે પોતાના કુળપરંપરાના સંપ્રદાયની સ્થિતીને (વ્રત, તપ, જપને) આગ્રહપૂર્વક વળગી રહે છે અને પૂર્વમાં થયેલા (નજીકના સમયના) જ્ઞાની પુરૂષોના પોતાને અનુકૂળ અવતરણો પકડીને અને પોતાને અનુકૂળ અને અનુરૂપ જ્ઞાની પુરૂષોના લખાણનું અર્થઘટન કરે છે અને પોતાના સ્વભાવને અનુરૂપ મોક્ષમાર્ગના જ્ઞાની પુરૂષ (સદ્ગુરૂ) કહેડાવે છે. કોઈ અસદ્ગુરૂ જ્ઞાન માર્ગ પકડે છે, કોઈ અસદ્ગુરૂ યોગમાર્ગ પકડે છે અને કોઈ અસદ્ગુરૂ ભક્તિ માર્ગ પકડે છે અને પોતાને કોઈપણ પ્રકારની મોક્ષમાર્ગની સમજણ ન હોવાથી બીજાના પુસ્તકો અને ઘણા હાજર જીવોના પુસ્તકોનો આધાર પકડે છે. અને બધાનું ભેગું કરીને પોતાને નામે પુસ્તકો અથવા પુસ્તિકાઓ અથવા પત્રિકાઓ છપાવે છે અને પોતાને સદ્ગુરૂ ગણાવવા માટે દંભપૂર્વક બુધ્ધિનો ઉપયોગ કરે છે અને વિશેષણો અને પુસ્તકો છપાવીને પોતાની મહત્તા વધારવાની કોશીષ કરે છે. અને ઘણા અસદ્ગુરૂ જાતીય સ્મરણ જ્ઞાનનો ઉપયોગ કરીને પોતાને જ્ઞાની કહેડાવે છે. **'જાતીય સ્મરણ જ્ઞાન થનાર દરેક જીવ સમકિતી ન કહેવાય પણ સમકિત હોય તેને નિયમથી જાતીય સ્મરણ જ્ઞાન હોય.'** આવા અસદ્ગુરૂઓ શ્રી તીર્થંકર પરમાત્માનું જન્મથી નિર્વાણ સુધીનું યથાર્થ સ્વરૂપનું વર્ણન કરી શકતા નથી અને પરંપરાએ ચાલતું વર્ણન સ્વીકારીને એની અનુમોદના કરે છે (છત્રીસ ગુણોયુક્ત સદ્ગુરૂ અવધિજ્ઞાનના કારણે શ્રી તીર્થંકર પરમાત્માનું યથાર્થ સ્વરૂપનું વર્ણન કરી શકે છે). આવા અસદ્ગુરૂઓ પોતાના આશ્રિત બાળજીવોને સત્સંગ ગુપ્ત રાખવાનું કહે છે (પુરૂષાર્થ ગુપ્ત રાખવાનો હોય છે, સત્સંગને ગુપ્ત રાખવાની જરૂર હોતી નથી). આવા અસદ્ગુરૂઓ સ્વછંદી બનીને અહંકાર અને અભિમાન સહીત એવી રીતે વર્તે છે કે બાળજીવોને અમે જ સમકિત આપશું, અમે નહીં આપીએ તો બાળજીવો ડુબી જશે. એવા પ્રકારની ભ્રાંતિ રાખીને પોતાના નામનો મોટો પ્રચાર કરે છે (ફોટા પડાવીને અને પુસ્તક છપાવીને) અસદ્ગુરૂઓ પોતાને આશ્રયે આવેલા (પોતે ખેંચીને લાવેલા) બાળજીવોને પુરૂષાર્થને નામે કંઈ કરાવતા નથી અને કહે છે કે ''શ્રધ્ધા રાખો અને સમકિત પામો'' (શ્રધ્ધા કહેવાથી ન આવે, રાખવાથી ન રખાય, લાવવાથી ન આવે, એ અનુભવજ્ઞાનનું ફળ છે.)

અસદ્ગુરૂઓના મુખ્ય મુખ્ય લક્ષણોની વિચારણા કરીએ.

૧. જેમના વૈરાગ્યમાં વ્યવહાર ઉપયોગી ત્યાગ ન હોય, તેને અસદ્ગુરૂ કહેવાય.

## જૈનો જાગો

રમેશ વૈજાણી

લેખાંક : ૨૦

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

### ■ આત્માનું દર્શન કેવી રીતે થાય ? ■

**આત્માના વિસ્મરણે જગતનું સ્મરણ. (શુભ-અશુભ ભાવ)**

- **જગતના વિસ્મરણે આત્માનું સ્મરણ (દર્શન).**
- **ક્ષેત્રનું વિસ્મરણ (સર્વ ક્ષેત્રનું મમત્વપણું ટાળવું).**
- **સમયનું વિસ્મરણ (સમયની સાથે સંકળાયેલી દિનચર્યાઓ છૂટવી)**
- **પદાર્થમાંથી આસક્તિભાવ કાઢવો (ગમો-અણગમો છુટવો).**
- **સંબધોમાંથી રાગ-દ્વેષ છુટવો (સમભાવ લાવવો).**
- **પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પ્રમાદ (ઉદાસીન ભાવ રાખવો)**
- **ચાર કષાયોમાં શાંતપણું (સહનશીલતાનો ગુણ પ્રગટ થવો).**
- **રાગ-દ્વેષ રહીતની સ્થિતી (સરળતા ધારણ કરવી) (સુખ બુધ્ધિ, માન બુધ્ધિ અને સ્વાર્થ બુધ્ધિ રહીતની નિર્મળ બુધ્ધિ)**
- **આત્મા સર્વ સમયે ઉપયોગમાં હોવાથી ક્રમીક રીતે એક પદાર્થ ઉપર આત્માના ઉપયોગની સ્થિરતા, છતાં એ પદાર્થ વિષે કોઈપણ પ્રકારનો વિચાર નહી વિકાર નહીં અને વિકલ્પ નહી. તેવી સ્થિતીમાં ઘણો સમય રહીને આત્માને, આત્મા તરફ ઉપયોગમાં વાળવાથી આત્માનું દર્શન થાય.**
- **દેહના અને નામના વિસ્મરણે સહજ સ્વરૂપે આત્માનું સ્મરણ (આત્મદર્શન)**

### * સત્સંગ *

**આનંદની અનુભૂતી, પ્રસન્નતાની પ્રાપ્તિ અને પ્રતિકુળતામાં પ્રભુ સ્મરણમાં જીવન જીવતા જીવરાવે તેનું નામ - સદ્ગુરૂ**

### પતિત (પાપી), સદ્ગુરૂના શરણે જઈને મુક્તિ પામે, અસદ્ગુરૂ કોના શરણે જઈને મુક્તિ પામે ?

### જગતનો આધાર સત્ય છે તો સત્યને શેના આધારની જરૂર પડે ? શેનો આધાર આપી શકાય ?

૨. જેમના વિચારો અને વાણીમાં વિરોધાભાસ હોય તેને અસદ્ગુરૂ કહેવાય.

૩. જે પોતાના વ્યક્તિત્વને વધારવાની કોશીષ કરે તેને અસદ્ગુરૂ કહેવાય.

૪. જે પોતે સત્સંગ કરાવે અને બાળજીવો (સાધક) પાસે સત્સંગ કરાવે તેને અસદ્ગુરૂ કહેવાય. (સાધકની માનબુધ્ધિ વધારવા માટે)

૫. જે પોતાના (કુટુંબના) અર્થથી બધા સત્સંગીઓને સગવડતા આપે તેને અસદ્ગુરૂ કહેવાય. (સ્વાર્થબુધ્ધિ)

૬. જે હાજરના જીવોના લેખોનું (પુસ્તકોનું) વાંચન કરે તેને અસદ્ગુરૂ કહેવાય.

૭. જે બાળજીવોને સર્વ સમય માટે પ્રભુ સ્મરણમાં રાખવાની બદલે સમકિતની ભ્રમણામાં રખાવે તેને અસદ્ગુરૂ કહેવાય. (લોભ બુધ્ધિ)

૮. જે અનુકુળતામાં ઉદયકર્મ અને પ્રતિકૂળતામાં આકુળતા-વ્યાકુળતામાં રહે તેને અસદ્ગુરૂ કહેવાય.

૯. જે દેહને સુખભાવમાં રાખે અને બાળજીવોને કહે અમે ઉદયકર્મથી મુક્ત છીએ તેને અસદ્ગુરૂ કહેવાય. (સ્વછંદના દોષથી)

૧૦. જે વાણીનું સ્મરણ કરવા માટે બાળજીવે લખાણ કરીને રાખવું પડે તે વાણી અસદ્ગુરૂની કહેવાય.

૧૧. વાયુને રોકવાથી (પ્રાણાયામથી) વિચાર રોકાય, (વિચારોની નિર્મળતા ન થાય), કાયાને સ્થિર કરવાથી વિષયોનું મંદપણું ન થાય અને મૌન રહેવાથી કષાયોનું મંદપણું ન થાય. આવી લક્ષ વગરની અને ઉપયોગ વગરની જે ક્રિયાઓ કરાવે તેને અસદ્ગુરૂ કહેવાય.

ઉપર જણાવ્યા પ્રમાણે અસદ્ગુરૂના મુખ્ય મુખ્ય લક્ષણોની વિચારણા કરી. આવા અસદ્ગુરૂઓ બાળજીવોને સતત સમકિત વમી જાય તેવા ભયમાં રખાવીને બાળજીવો પાસેથી શ્રધ્ધાને નામે માન મેળવે છે અને આવા અસદ્ગુરૂઓ દેહ છૂટ્યા પહેલા બાળજીવોને એવા ભ્રમિત બનાવે છે કે અસદ્ગુરૂના દેહ છૂટ્યા પછી પણ બાળજીવો તેનાથી ભયરહીત થઈ શકતા નથી.

જીવે પોતાના માનેલા સદ્ગુરૂના (અસદ્ગુરૂના) આશ્રયે ગયા પછી જો નીચેના લક્ષણોની સ્થિતી બતાવી તેવી જ રહે તો જીવે સામાન્ય બુધ્ધિથી સ્વીકારવું જોઈએ કે પોતે અસદ્ગુરૂના શરણે ગયો છે.

૧. જીવ જેના આશ્રયે જાય અને તેના થકી નિર્ભયતા ન પામે તો જીવ અસદ્ગુરૂના શરણે ગયો તેમ માનવું.

### ■ સમકિત પ્રાપ્તિ પહેલાની પ્રાથમિક ભૂમિકાના મુખ્ય લક્ષણો ■

- **આત્મસ્વમાનની જાગૃતિ (યાચકપણું ટળવું)**
- **નિર્ભયતા (મરણના ભયનો નાશ)**
- **સત્યની ઝુરણા (આત્માના હિતાર્થનું વાંચન)**
- **સુખદુ:ખમાં ઈશ્વરેચ્છા (સમભાવ)**
- **સંસાર પ્રત્યે ઉદાસીન ભાવ (વૈરાગ્ય)**
- **શુભ-અશુભનું ત્યાગવાપણું (અહિંસકપણું)**
- **સર્વ જીવો પ્રત્યે આદરભાવ (સમદ્રષ્ટિ)**
- **સર્વ જીવો પ્રત્યે ઉપકારીભાવ (નમ્રતાનો ગુણ)**
- **પરનિંદા અને દ્વેષબુધ્ધિનું મંદપણું (ગુણ પ્રમોદ થવું)**
- **સમયનું આગ્રહીપણું એ ભૌતિકતાનું લક્ષણ. (સમયનું વિસ્મરણ એ આધ્યાત્મિકતાનું મુખ્ય લક્ષણ)**

૨. જીવ જેના આશ્રયે ગયા પછી માનબુધ્ધિ મંદ ન થાય તો જીવ અસદ્ગુરૂના શરણે ગયો તેમ માનવું.

૩. જીવને સુખના સમયમાં ઉદાસીનતા ન કેળવાણી તો જીવે સમજવું કે અસદ્ગુરૂના શરણે ગયો.

### * સત્સંગનું ફળ *

**સર્વ ધર્મોનો આદર, સર્વ દેવોનો આદર અને સર્વ જીવોના આદરભાવમાં રહેતા જીવરાવે તે સત્સંગનું ફળ. (સર્વ જીવો સમ)**

૪. જીવ નામનું મમત્વ ટાળી શક્યો ન હોય તો સમજવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

### જગતને છેતરનાર, સદ્ગુરૂના સેવનથી સમકિત પ્રાપ્ત કરે છે. જાતને છેતરનાર (સમકિતની ભ્રમણામાં રાચનાર) કોના સેવનથી ભવભ્રમણમાંથી છુટકારો મેળવે ?

૫. જીવની જો નિર્મળ બુધ્ધિ ન થઈ હોય તો સમજવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૬. જીવ જો સર્વ સમયે પ્રભુ સ્મરણમાં ન રહે તો સમજવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૭. જીવમાં જો સમયનું આગ્રહીપણું સતત રહેતું હોય તો સમજવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૮. જીવને જો ક્ષેત્રનું મમત્વ વર્તાતું હોય તો સમજવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૯. જીવને જો સંબધોમાં મમત્વભાવ પડ્યો હોય તો જાણવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૧૦. જીવને જો આહારિક પદાર્થ પ્રત્યે આસક્તિભાવ હોય તો જાણવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

૧૧. જીવમાં જો આત્મસ્વમાનનો ગુણ અને સત્યની ઝુરણા ન જાગી હોય તો જીવે જાણવું કે જીવ અસદ્ગુરૂના શરણે ગયો.

[આવા અસદ્ગુરૂ બનતા પહેલાની સ્થિતી ઘણા ઘણા ભવોના પુરૂષાર્થ થકી મોક્ષમાર્ગની નજીક જવાની સ્થિતી પ્રાપ્ત કરી હોય છે. અને તે સ્થિતીમાં સુપાત્ર બનીને અને પોતાની સાધક અવસ્થા ગણીને જો પુરૂષાર્થમાં આવી જાય અને સત્યની ઝુરણાંનો ગુણ બળવાન બનાવીને બાળજીવોને મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એવી લાયકાત કેળવાવે તો તે સુપાત્રને નજીકના ભવોમાં જ્ઞાનીનો યોગ થાય અને આરાધી શકવાનું બળ પ્રાપ્ત થાય અને જે બાળજીવોને મોક્ષમાર્ગની નજીક લાવવાનું કાર્ય કર્યું તેના ફળ સ્વરૂપે બળવાન પુણ્યનું ઉપાર્જન સહજ રીતે થાય. તે જીવ ટુંકા ભવોમાં મોક્ષગામી બને.]

આવા પ્રકારે સંસારી અવસ્થામાં અસદ્ગુરૂઓ બની બેસે છે. વિશેષમાં અસદ્ગુરૂઓના લક્ષણો ભાવી લેખાંકમાં યોગે કરીને વિચારશું.

''દેહ અને આત્માની ભિન્નતા અનુભવેલાને સદ્ગુરૂ કહેવાય.''

''નામ પૂરતા આત્માની અને મોટાભાગમાં આયેજનની વિચારણા કરે તેને અસદ્ગુરૂ કહેવાય.''

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.